ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક/બમશ-૧૩૯૩-૫૮૪૭-ગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૭-૬-૯૪.

૧: શિક્ષણ વિભાગનો તા.૨૫-૭-૮૩નો પત્ર ક્રમાંક/બમશ/૧૧૮૫-૫૯૪૦૪-ગ
૨: શિક્ષણ વિભાગનો તા.૧૭-૯-૮૭નો પત્ર ક્રમાંક/બમશ/૧૧૮૭-૩૩૩૨-ગ
૩: નાણા વિભાગનો તા.૧૪-૧૨-૮૭નો પરીપત્ર ક્રમાંક/ઈસીઆર.૧૦૮૭-૧૫૫-મ.
૪: શિક્ષણ વિભાગનો તા.૧-૬-૯૩નો પત્ર ક્રમાંક/ઉમશ-૧૨૯૨-૯૧૮-ગ.૧

'' ઠ રા વ ''

બિન સરકારી માધ્યમિક શાળાઓમાં સુપરવાઈઝરની જગ્યા માટે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ના વિનિયમ, ૧૯(૪)અને (૫)હેઠળ જોગવાઈ કરવામાં આવી છે. અને શિક્ષણ વિભાગ દ્વારા અલગ અલગ સુચનાઓ પણ પ્રસિધ્ધ કરવામાં આવી છે. અને છેલ્લે તા.૧-૬-૯૩ના પત્રથી આ જગ્યાઓ ભરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

યોગ્ય વિચારણાને અંતે બિન સરકારી માધ્યમિક શાળાઓમાં સુપરવાઈઝરની જગ્યા અંગે માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રસારિત કરવામાં આવેલ નિમણુંકની ગુણાંકન પધ્ધતિ સિવાયની નોર્મ્સ તથા એલાવન્સ અંગેની માધ્યમિક શિક્ષણ બોર્ડ/ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી અને શિક્ષણ વિભાગની અગાઉની સઘળી સુચનાઓ આથી રદ કરવામાં આવે છે તથા તા. ૧-૬-૯૩ના પત્રથી મુકવામાં આવેલ પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવે છે. હવે બિન સરકારી માધ્યમિક શાળામાં સુપરવાઈઝરની જગા બાબતે નીચે મુજબની સુચનાઓ અમલમાં રહેશે.

(૧) બિન સરકારી માધ્યમિક શાળામાં ૧૧ થી ૨૦ વર્ગો સુધી એક સુપરવાઈઝરની જગ્યા મળવાપાત્ર થશે.

(૨) બિન સરકારી માધ્યમિક શાળામાં ૨૧ થી વધુ વર્ગો માટે બીજા સુપરવાઈઝરની જગ્યા મળવાપાત્ર થશે. કોઈપણ સંજોગોમાં બિનસરકારી માધ્યમિક શાળામાં બેથી વધુ સુપરવાઈઝરની જગ્યા મળવાપાત્ર થશે નહી.

(૩) બિન સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં ૫ થી ૯ વર્ગોએ એક સુપરવાઈઝરની જગ્યા મળવાપાત્ર થશે.

(૪) બિન સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં ૯ થી વધુ વર્ગો માટે બીજા સુપરવાઈઝરની જગ્યા મળવાપાત્ર થશે. કોઈપણ સંજોગોમાં બિન સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં બેથી વધુ સુપરવાઈઝરની જગ્યા મળવાપાત્ર થશે નહી.

(૫) જો કોઈ માધ્યમિક શાળામાં હાલ બે થી વધુ સુપરવાઈઝર ફરજ બજાવતા હોય તો તેમની પાસેથી આ કામગીરી લઈ લેવાની રહેશે નહી. (પરંતુ આવા સુપરવાઈઝર નિવૃત થતા બે થી વધુ હોય તેટલી જગ્યાઓ આપોઆપ રદ થશે.

(૬) ઉચ્ચતર માધ્યમિક શાળામાં સુપરવાઈઝરની નિમણુંક અને તે માટેની ગુણાંકન પધ્ધતિ ઉચ્ચતર માધ્યમિક બોર્ડ ધ્વારા નકકી કરવાની રહેશે.

(૭) ગુજરાત માધ્યમિક પંચની અરજી ક્રમાંક/૨૬૪/૯૩ના ચુકાદા સામે ગુજરાત સરકારે નામદાર વડી અદાલતમાં દાખલ કરેલ દાવાના ચુકાદાને આધીન રહે તે રીતે સુપરવાઈઝરને હાલ મળતા રૂ.૫૦/-ના ભથ્થા પર મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થતું નથી તેવી નાણા વિભાગની સુચનાઓનો ચુસ્ત અમલ કરવાનો રહેશે.

(૮) આ ઠરાવ અન્વયે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમોમાં જરુરી સુધારો કરવાની કાર્યવાહી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ એ સત્વરે હાથ ધરવાની રહેશે.

(૯) આ હુકમો શિક્ષણ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૪-૬-૯૪ ની સંમતિથી રવાના કરવામાં આવે છે ગુજરાતના રાજયપાલ શ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ.આર.સોની)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ,